આજે ટ્વેન્ટી-૨૦માં ભારત-પાકિસ્તાન વચ્ચે રોમાંચક જંગ

મીરપુર,તા. ૨૦

જેની કરોડો ક્રિકેટ ચાહકો ઉત્સુકતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા તે ટ્વેન્ટી-૨૦ વર્લ્ડ કપની મુખ્ય મેચોની આવતીકાલથી શરૂઆત થઈ રહી છે. મેઈન ડ્રોની મેચો આવતીકાલથી શરૂ થયા બાદ હવે છટ્ટી એપ્રિલના દિવસે રમાનારી ફાઈનલ મેચ સુધી ભારે રોમાંચકતા જોવા મળે તેવી શક્યત છે. આવતીકાલે પ્રથમ મેચમાં જ ભારત અને પાકિસ્તાન વચ્ચે ખરાખરીનો જંગ ખેલાશે. ભારત અન પાકિસ્તાન છેલ્લે તાજેતરમાં એશિયા કપમાં આમને સામને આવ્યા હતા. આ મેચમાં પાકિસ્તાને છેલ્લી ઓવરમાં મેચ જીતી લીધી હતી. જો કે આ વખતે સ્થિતી અલગ રહેશે. કારણ કે નિયમિત ભારતીય કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોની આ વખતે મેદાનમાં છે. જે પોતાની યોજનાથી અન્ય ટીમોને છેલ્લી ઘડીએ હાર આપી દેવા માટે જાણીતો રહ્યો છે. ભારતીય ક્રિકેટ ટીમે શેરે બાગલા સ્ટેડિયમ ખાતે પોતાની બીજી પ્રેકટીસ મેચમાં ઈંગ્લેન્ડને હાર આપી હતી. જેથી પાકિસ્તાન સામેની મેચ પહેલાથી ટીમ ઈન્ડિયાના ખેલાડીઓએ જુસ્સો વધારી લીધો છે. આ ભારત અને પાકિસ્તાન વચ્ચે મીરપુરમાં રમાનારી મેચનુ જીવંત પ્રસારણ સાંજે સાત

વાગ્યાથી કરવામાં આવશે. ભારતીય ટીમના તમામ ખેલાડી શાનદાર દેખાવ કરવા સજ્જ દેખાઈ રહ્યા છે. ધોની, યુવરાજ, રોહિત શર્મા, શિખર ધવન અને સુરેશ રેના પર તમામની નજર રહેશે. રવિન્દ્ર જાડેજા પણ શાનદાર ઓલરાઉન્ડર તરીકે તાજેતરમાં ઉભરી રહ્યો છે. ભારતીય ટીમને ચોક્કસપણ હોટ ફેવરીટ ગણવામાં આવે ચે પરંતુ હાલમાં તમામ ટીમો સારી દેખાઈ રહી છે. જેમાં ઓસ્ટ્રેલિયા, પાકિસ્તાન, ઈંગ્લેન્ડ, ન્યુઝીલેન્ડ, આફ્રિકાનો સમાવેશ થાય છે. ૨૨મી માર્ચેના દિવસે બે મેચો રમાશે. જે પૈકી પ્રથમ મેછ આફ્રિકા અને શ્રીલંકા વચ્ચે અને બીજી મેચ ઈંગ્લેન્ડ અને ન્યુઝીલેન્ડ વચ્ચે રમાશે. પાકિસ્તાને પણ ભારત સામે વધુ એક જીત મેળવવા માટેની તૈયારી કરી છે. કરોડો ચાહકોની નજર ભારત અને પાકિસ્તાન વચ્ચે રમાનારી મેચ પર રહેશે. પાકિસ્તાનની ઘણી બધી નબળાઈ જોવા મળી રહી છે. પાકિસ્તાન ટ્વેન્ટી વર્લ્ડકપના ઈતિહાસની વાત કરવામાં આવે તો બે વખત ફાઈનલમાં પહોંચ્યું છે. ૨૦૦૯માં ઈંગ્લેન્ડમાં પાકિસ્તાન વર્લ્ડકપ જીતવામાં સફળ રહ્યું હતું જ્યારે ૨૦૦૭ની ફાઈનલમાં તે હારી ગયું છે. પાકિસ્તાને એશિયા કપમાં સારો દેખાવ કર્યો હોવા છતાં તેની ટીમનો દેખાવ સતત સારો રહ્યો નથી. પાકિસ્તાનની ટીમ સંતુલિત પણ દેખાઈ રહી નથી. હાફીઝ ત્રીજા ક્રમે બેટિંગ કરી શકે છે. અહેમદ શહેજાદ અને સર્જીલ પાસેથી સારા દેખાવની અપેક્ષા છે. ઉમર અકમલ, શોએબ મસસૂદ, શોએબ મલિક અને શાહીદ અફિદી પર ટીમ મુખ્ય આધાર રાખશે. પાકિસ્તાનની ટીમ આ વખતે વધુ મુશ્કેલીમાં રહેશે કારણ કે આ ગ્રુપમાં તેની સામે ભારત, ઓસ્ટ્રેલિયા, વેસ્ટઈન્ડિઝ અને બાંગ્લાદેશ જેવી ટીમો છે. બંને ટીમો નીચે મુજબ છે.

ભારતીય ટીમ : ધોની (કેપ્ટન), વરુણ આરોન, અશ્વિન, સ્ટુઅર્ટ બિન્ની, શિખર ધવન, રવિન્દ્ર જાડેજા, વિરાટ કોહલી, ભુવનેશ્વર કુમાર, અમિત મિશ્રા, મોહમ્મદ સામી, રહાણે, સુરેશ રૈના, મોહિત શર્મા, રોહિત શર્મા, યુવરાજસિંહ

પાકિસ્તાની ટીમ : મોહમ્મદ હાફીઝ (કેપ્ટન), અહેમદ શહેજાદ, બિલાવલ ભટ્ટી, જુનેદ ખાન, કામરાન અકમલ, મોહમ્મદ તલ્હા, સઈદ અજમલ, શાહીદ આફ્રિદી, સર્જીલ ખાન, શોએબ મલિક, શોએબ મકશૂદ, સોહેલ તન્વીર, ઉમર અકમલ, ઉમર ગુલ, ઝુલ્ફીકાર બબ્બર

વેબસાઇટ પર એક દિવસે ૫.૮૦ લાખ ઇ-ટિકિટ બુક

મુંબઈ,તા.૨૦

ઈન્ડિયન રેલવે કેટરિંગ એન્ડ ટ્યુરિઝમ કોર્પોરેશનની ઈ ટિકિટ વેબસાઈટે નવો રેકોર્ડ સર્જ્યો છે. ૧૯મી માર્ચના દિવસે આઈઆરસીટીસી વેબસાઈટ ઉપર એક જ દિવસે ૫.૮૦ લાખ ઈ-ટિકિટ બુક થયા હતા જે કોઈ એક દિવસે થયેલા બુકિંગનો સૌથી મોટો આંકડો છે. અગાઉ બીજી સપ્ટેમ્બર ૨૦૧૩ના દિવસે ૫.૭૨ લાખ ઈ ટિકિટનું બુકિંગ આઈઆરસીટીસી ઉપર કરવામાં આવ્યું હતું. આ વેબસાઈટના પ્રવક્તાએ કહ્યું છે કે, આ સાઈટ ઉપર દરરોજ ૯.૪૭ લાખ યાત્રીઓના સરેરાશ સામે ૪.૬૩ લાખ ટિકિટનું બુકિંગ થઈ રહ્યું છે. ૨૦૧૩ દરમિયાન દરરોજ બુક થયેલા ૬.૮૩ લાખ યાત્રીઓની સરખામણીમાં આ આંકડો ખુબ વધારે છે. આનો મતલબ એ થયો કે, ટિકિટની સંખ્યામાં ૨૦ ટકાનો વધારો થયો છે જ્યારે યાત્રીઓની સંખ્યામાં ૩૮ ટકાનો વધારો થયો છે. તેમણે વધુમાં કહ્યું હતું કે, આ તમામ બાબતોને દરરોજના કામકાજમાં ગણવામાં આવે તો ૨૦૧૩માં ૩૭ કરોડની સામે ૫૩ કરોડથી વધુનો કારોબાર થઈ રહ્યો છે. પીક કલાક દરમિયાન બિનજરૂરી ટ્રાફિક અને અનિયમિતતાને ટાળવાના હેતુસર તાજેતરમાં જ નવી આઈઆરસીટીસી લાઈટની શરૂઆત કરવામાં આવી છે. આની સેવા સવારે ૧૦થી ૧૨ વાગ્યા વચ્ચેની રહેશે. તેમણે એમપણ કહ્યું હતું કે, આ પ્રયાસમાં આઈઆરસીટીસી દ્વારા તમામ લિંક, ઈમેજ, એડ, સર્વિસ અંગેની વિશેષતાને દૂર કરી દેવામાં આવી છે જે પ્રિમિયમ તત્કાલ ટિકિટ બુકિંગના વખતે જરૂર પડતી નથી.

માયાવતીએ ઉત્તરપ્રદેશમાં ૮૦ લોકસભાની બેઠક માટે ઉમેદવારોની યાદી જારી કરી

લખનૌ,તા.૨૦

બહુજન સમાજ પાર્ટીના વડા માયાવતીએ ઉત્તરપ્રદેશમાં ૮૦ લોકસભાની બેઠક માટે ઉમેદવારોની યાદી જારી કરી હતી. માયાવતીએ કહ્યું છે કે, નરેન્દ્ર મોદી અને મુલાયમસિંહ ફિક્સ થયેલી મેચ રમી રહ્યા છે. બ્રાહ્મણ અને મુસ્લિમ સમુદાયના લોકો ઉપર માયાવતી વધારે આધારિત દેખાઈ રહ્યા છે. ટિકિટ ફાળવણી દર્શાવે છે કે, માયાવતીએ આ વખતે બ્રાહ્મણ, મુસ્લિમો ઉપર વધારે ધ્યાન કેન્દ્રિત કર્યું છે. માયાવતીએ ૨૯ ઉમેદવારો ઉચ્ચ જાતિના છે જેમને ટિકિટ આપી છે જેમાં ૨૧ બ્રાહ્મણ ઉમેદવાર છે. માયાવતીએ ૧૯ મુસ્લિમ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે જ્યારે અન્ય પછાત જાતિના ૧૫ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે. અનુસૂચિત જાતિ માટે અનામત

રાખવામાં આવેલી ૧૭ બેઠકોમાં માત્ર દલિત ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે. માયાવતી દલિત-બ્રાહ્મણ-મુસ્લિમ ઉપર ધ્યાન આપી રહ્યા છે. નવી યાદી જારી કરતા માયાવતીએ કહ્યું હતું કે, તેમની પાર્ટી ભાજપ અને કોંગ્રેસ બંનેને હાર આપવા પ્રયાસ કરશે. બિન ભાજપ અને બિન કોંગ્રેસી સરકાર કેન્દ્ર સરકાર બને તેવા પ્રયાસ કરવામાં આવશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, કોંગ્રેસ સરકારને ટેકો આપવાનો શક્ય નથી. લોકસભાની ચૂંટણી એકલા હાથ લડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. બસપના વડાએ એમ પણ કહ્યું કે, દેશના લોકો કેન્દ્રમાં યુપીએ સરકારને લોક વિરોધી નીતિથી હતાશ થઈ ગયા છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, બસપ એકલા હાથે લોકસભાની ચૂંટણી લડશે. બસપના વડાએ એમ પણ કહ્યું હતું કે, મોદી અને મુલાયમસિંહ સાંઠગાંઠ ધરાવે છે. ઉત્તરપ્રદેશમાં આ વખતે ભાજપે તેની મજબૂત સ્થિતિ ઉભી કરી છે. ભાજપ, કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટી વચ્ચે મુખ્ય સ્પર્ધા જોવા મળી શકે છે. આ તમામ ચારેય પાર્ટી તમામ ધ્યાન કેન્દ્રીત કરી ચુકી છે. ઉત્તરપ્રદેશમાં લોકસભાની સૌથી વધુ ૮૦ બેઠકો રહેલી છે.

કેજરીવાલની પાર્ટીમાં પણ ઉકળતા ચરુ જેવી સ્થિતી

નવી દિલ્હી,તા. ૨૦

દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યપ્રધાન અને આમ આદમી પાર્ટીના નેતા અરવિન્દ કેજરીવાલ ભાજપ અને કોંગ્રેસની સામે આક્ષેપોનો મારો ચલાવી રહ્યા છે પરંતુ તેમની પાર્ટીમાં પણ હાલ ઉકળતા ચરુ જેવી સ્થિતી છે. પક્ષના વરિષ્ઠ નેતાઓ પણ નારાજ દેખાઈ રહ્યા છે. કેટલાક નેતાઓ આમ આદમી પાર્ટી સાતે છેડો પણ ફાડી ચુકયા છે. આ નેતાઓ કેજરીવાલની કામ કરવાની રીતેને લઈને નાખુશ છે. તેમની વાત સાંભળવામાં આવી રહી નથી તેવો આક્ષેપ પણ કેટલાક સભ્યો કરી રહ્યા છે. પક્ષે તેના ઉમેદવારોની આઠમી યાદી બુધવારના દિવસે જારી કરવામાં આવ્યા બાદથી કેટલાક સભ્યો નાખુશ છે. આઠમી યાદી સાથે એએપી દ્વારા હજુ સુધી ૨૮૭ ઉમેદવારોની યાદી જાહેર કરી છે. કેજરીવાલની પાર્ટીમાં લાંચ રૂશ્વતના આક્ષેપો, તરફેણવાદ અને આંતરિક લડાઈનો અંત આવી રહ્યો નથી. છેલ્લે કેરળ સ્થિત સામાજિક કાર્યકર અશ્વસ્તી નાયરે તેમની ઉમેદવારી પાછી ખેંચી લીધી છે અને આક્ષેપ કર્યો છે કે પાર્ટી ભ્રષ્ટાચારઅન જુથવાદમાં સંડોવાયેલી છે. જો કે રાજ્ય એકમે આ આક્ષેપોને રદિયો આપ્યો છે પરંતુ તેની પ્રતિષ્ઠાને ફટકો પડ્યો છે. કેજરીવાલ ભ્રષ્ટાચાર સામે જોરશોરથી ભુમ પાડી રહ્યા છે પરંતુ તેમની પાર્ટીના સભ્યો જ ભ્રષ્ટાચારની વાત કરી રહ્યા છે. લાંચના આક્ષોપ કરવામાં આવી રહ્યા છે. ઉત્તરપ્રદેશ, દિલ્હી, પંજાબ અને બિહારમાં વ્યાપક રોષ પાર્ટીમાં દેખાઈ રહ્યો છે. જુથવાદ, લાંચના આક્ષેપોથી એઓપી ગ્રસ્ત છે. સવિતા ભટ્ટી તેમની ઉમેદવારી ચંદીગઢમાંથી પાછી ખેંચી ચુકી છે.

ઈન્કમટેક્સ કેસમાં જયાને ત્રીજીએ હાજર થવા હુકમ

ચેન્નાઈ,તા.૨૦

એડિશનલ ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટની કોર્ટે આજે તમિળનાડુના મુખ્યમંત્રી જયલલિતાની મોકૂફી અરજીઓને ફગાવી દીધી હતી અને ત્રીજી એપ્રિલના દિવસે તેની સમક્ષ ઉપસ્થિત થવા જયલલિતાને સૂચના આપી હતી. ઈન્કમટેક્સ કેસના સંબંધમાં જયલલિતા, શશીકલાને ત્રીજી એપ્રિલના

દિવસે કોર્ટ સમક્ષ હાજર થવા કહેવામાં આવ્યું છે. આવકવેરા વિભાગે સતત બે વર્ષ ૧૯૯૧-૯૨ અને ૧૯૯૨-૯૩માં રિટર્ન દાખલ કરવામાં નિષ્ફળતા બદલ શશી એન્ટરપ્રાઈઝ અને તેના પાર્ટનરો જયલલિતા અને શશીકલા સામે ફોજદારી કેસ દાખલ કર્યો હતો. આઈટી વિભાગનો આક્ષેપ છે કે, આ બંનેએ ઈન્કમટેક્સ એક્ટ ૧૯૬૧ની જોગવાઈ હેઠળ સજાપાત્ર ગુના કરેલા છે. જાન્યુઆરી ૨૦૧૪માં સુપ્રીમ કોર્ટે મદ્રાસ હાઈકોર્ટના ચુકાદા સામે અપીલને ફગાવી દીધી હતી. મદ્રાસ હાઈકોર્ટે તેમની ડિસ્ચાર્જ અરજીઓને ફગાવી દીધી હતી. જયલલિતાની મુશ્કેલીઓ યથાવત દેખાઈ રહી છે. લોકસભાની ચૂંટણી નજીક છે ત્યારે ફોજદારી કેસના કારણે જયલલિતાની મુશ્કેલી વધી શકે છે. કોર્ટે કહ્યું છે કે, મોકૂફી માટે અપાયેલા કારણો કાયદામાં સ્વીકાર્ય નથી. જેથી શશીકલા અને જયલલિતા ત્રીજી એપ્રિલના દિવસે ઉપસ્થિત થવા માટે કહેવામાં આવ્યું છે.

કેન્સરથી દર વર્ષે છ લાખથી વધુના મોત

મુંબઈ,તા.૨૦

એકબાજુ કેન્સર ઈન્સ્યોરન્સ કલેઈમમાં સતત વધારો થઈ રહ્યો છે. બીજી બાજુ દર વર્ષે કેન્સરના ઓછામાં ઓછા ૧૦ લાખ નવા કેસ સપાટી ઉપર આવી રહ્યા છે. બીજીબાજુ એક વર્ષમાં છ લાખથી વધુ લોકોને કેન્સરના કારણે મોત થઈ રહ્યા છે. આ બાબત સંકેત આપે છે કે મેડીકલ ઈન્સ્યોરન્સ કંપનીઓ પણ ઝડપથી આગળ આવી રહી છે. કેન્સરને ભારતમાં ટોચના પાંચ રોગ પૈકીના એક તરીકે ગણવામાં આવે છે. આ રોગ માટે મેડીકલ ઈન્સ્યોરન્સ આપવામાં આવે છે. કેન્સરથી દર વર્ષે થતા મોતને રોકવામાં ચોક્કસપણે સફળતા મળી છે પરંતુ હજુ પણ આ રોગની સારવાર સંપૂર્ણપણે શક્ય દેખાઈ રહી નથી.

અલ્હાબાદમાં ભાજપ યુવા નેતાની ઘાતકી હત્યા કરાઈ

લખનૌ,તા. ૨૦

ઉત્તરપ્રદેશના અલ્હાબાદ શહેરમાં આજે વિસ્ફોટક સ્થિતી રહી હતી. ભારતીય જનતા પાર્ટીના યુવા પાંખના નેતાની ઘાતકી હત્યા કરવામાં આવ્યા બાદ તંગ સ્થિતી ઉભી થઈ ગઈ છે. પોલીસે માહિતી આપતા કહ્યું છે કે ભારતીય જનતા યુવા મોરચાના નેતા વિમલ પાન્ડેને માથામાં ગોળી મારવામાં આવી હતી. મેવાલાલ બગિયા સેક્શન ખાતે આ બનાવ બન્યો હતો. હત્યા કરવામાં આવ્યાના સમાચાર આગની જેમ ફેલાતા નારાજ થયેલા પક્ષના કાર્યકરો, સમર્થકો અને પરિવારના સભ્યોએ ભારે તોડફોડ કરી હતી. હોસ્પિટલમાં પણ તોઢફોડ કરવામાં આવી હતી. કેટલીક જગ્યાએ ટ્રાફિક જામની સ્થિતી સર્જાઈ હતી. ૨૬ વર્ષીય વિમલ પાન્ડે ભારતીય જનતા યુવા મોરતચાના નેતા તરીકે હતો. તે ઉપપ્રમુખ તરીકે હતો. પોલીસે માહિતી આપતા કહ્યું છે કે બનાવ બાદ કોઈ પણ જગ્યાએ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સાવચેતીના તમામ પગલા લેવામાં આવ્યા હતા. મજબુત સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. લોકસભાની ચૂંટણી માટે કાર્યક્રમની જાહેરાત કરવામાં આવ્યા બાદ હવે કોઈ પણ પ્રકારની હિંસા સ્થિતીને વિસ્ફોટક બનાવી શકે છે. હુમલા પાછળના ઈરાદા હુમલાખોરોના જાણી શકાયા નથી. પોલીસે સમગ્ર મામલે તપાસ હાથ ધરી છે. હુમલાખોરો કોણ હતા તે પણ જાણી શકાયું નથી. જો કે અંગત અદાવતમાં હુમલો કરવામાં આવ્યો હોવાના બિન સત્તાવાર અહેવાલ મળ્યા છે. ઉત્તરપ્રદેશમાં તમામ પ્રકારના ગુનાઓમાં હાલમાં વધારો થયો છે. ઉત્તરપ્રદેશમાં જંગી બહુમતિ સાથે સમાજવાદી પાર્ટીની વિધાનસભાની ચૂંટણીમાં જીત થયા બાદથી અખિલેશ સરકાર સત્તામાં છે. આ સરકારે પર ગુનાઓને રોકવામાં નિષ્ફળતાનો આક્ષેપ સતત કરવામાં આવી રહ્યો છે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતી ખાડે ગઈ હોવાનો આરોપ સતત થઈ રહ્યો છે. કોમી રમખાણ પણ અખિલેશના શાસનમા થઈ ચુક્યા છે. ચૂંટણીમાં સપાને પડકારનો સામનો કરવો પડી શકે છે.

સમાચાર ઝલક

- કેજરીવાલ આરોપો સામે રિલાયન્સનો એસ.એમ.એસ. દ્વારા વળતો જવાબ.
- મોદીને લીધે યાત્રાધામ વારાણસી હવે બન્યું 'રાજકીય પ્રવાસન' ધામ.
- ભારતમાં ચોમાસાનો આધાર ઉત્તર આફ્રિકાના રણના રજકણોનો પ્રભાવ.
- બોર્ડની પરીક્ષામાં મુખ્ય પેપરો પૂર્ણ થતાં વિદ્યાર્થીઓમાં હાશકારો.
- આર્થિક સ્વતંત્રતામાં ગુજરાત નંબર વન.
- અનૌરસ બાળકના ભરણપોષણની જવાબદારી પિતાની પણ ખરી : દિલ્હી કોર્ટ.
- મુઝફ્ફરનગરની બેઠક પર બસપાના સાંસદ કાદીર રાણા અને તેમની પત્ની શાહિદા બેગમ આમને-સામને ચૂંટણી લડશે.
- મહારાષ્ટ્રમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪ ખેડૂતોએ આત્મહત્યા કરી, ખેતીનો પાક નિષ્ફળ જતાં અંતિમ પગલું ભર્યું.
- વિશ્વકપ કુસ્તીમાં ઇરાન સતત ત્રીજી વખત ચેમ્પિયન બન્યું.
- રાજકીય કન્સલ્ટન્સની રાતોરાત ડિમાન્ડ વધી ગઇ.
- શેરબજારમાં કેશ ટર્નઓવરથી રાજકોટ, અમદાવાદ, વડોદરામાં તોતિંગ ગાબડું.
- દેશમાં ૨૦ હજારથી વધુ એટીએમ પર વાઇરસનો ખતરો.
- જવેલરીમાં હવે બ્રાન્ડની બોલબાલા, નાના ઝવેરીઓની હાલત કફોડી.
- યુક્રેનમાં રશિયા તરફી સૈનિકોની કાર્યવાહી શરૂ.
- સોમનાથમાં કેશુભાઇ પટેલના હસ્તે યોજનાનું લોકાર્પણ, રૂા.૧૫માં ભોજન અને રૂા. ૧૫માં આવાસની સુવિધા ઉપલબ્ધ, 'ટુકડો ત્યાં શિવ ટુંકડો'ના સૂત્ર સાથે પ્રારંભ.
- અમૂલનું વેચાણ રૂા. ૧૮૦૦૦ કરોડને આંબશે.
- ગુજરાતમાં બચતનો દર ખુબ જ ઊંચો છે, ચીન અને દ.કોરિયા કરતાં પણ આગળ.
- સમાજનો કચરો દૂર કરવાનું કામ ધર્મ સત્સંગો અને કથા જ કરી શકે : પૂ. ભાઇશ્રી રમેશભાઇ ઓઝા.
- મસાલાની સિઝન શરૂ, ભાવવધારો અંકુશમાં.
- સૂરતમાં પાટીદાર સમાજ દ્વારા જાહેર માર્ગ પર લગ્ન વરઘોડો નહિ કાઢનારનું જાહેરમાં સન્માન કરાશે.
- સૂરતમાં કોલગર્લ સાથે રંગરલીયા મનાવતા વેપારી પતિની જાહેરમાં ધોલાઇ કરતી પત્ની.

ચૂંટણી નજીક આવતા હવે ભાજપમાં વિખવાદ વધ્યો

નવી દિલ્હી,તા.૨૦

લોકસભાની ચૂંટણી બિલકુલ નજીક આવી પહોંચતા અન્ય રાજકીય પક્ષોની જેમ હવે ભાજપમાં પણ આંતરિક વિખવાદ વધી રહ્યો છે. આ વિખવાદ ચૂંટણીમાં ભાજપને નુકસાન કરી શકે છે. પ્રાપ્ત અહેવાલ મુજબ પક્ષના સિનિયર નેતાઓ નારાજ દેખાઈ રહ્યા છે. હાલમાં દેશમાં યુપીએ સરકાર પ્રત્યે લોકોમાં જોરદાર નારાજગી છે અને લોકો વિકલ્પની શોધ કરી રહ્યા છે ત્યારે ભાજપના સિનિયર નેતાઓ પરિસ્થિતીનો લાભ લેવાના બદલે આંતરિક ખેંચતાણમાં લાગેલા છે. આના કારણે પક્ષના દેખાવ પર માઠી અસર થઈ શકે છે. હાલમાં ગુજરાતના મુખ્યપ્રધાન અને ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદીની લોકપ્રિયતા દેશમાં ઝડપથી વધી રહી છે અને દેશના લોકો તેમને વડાપ્રધાનપદે જોવા ઈચ્છુક બન્યા છે ત્યારે

વિખવાદની સ્થિતી ભાજપને ભારે પડી શકે છે.ભાજપ દ્વારા તેના ઉમેદવારોની પાંચમી યાદી ગઈકાલે મોડી રાત્રે જાહેર કરવામાં આવ્યા બાદ પક્ષના પિતામહ ગણાતા અડવાણી ફરી નાખુશ દેખાયા હતા. અડવાણીએ આ વખતે ગાંધીનગરના બદલે મધ્યપ્રદેશના ભોપાલમાંથી ચૂંટણી મેદાનમાં ઉતારવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. પરંતુ પાર્ટી હાઈ કમાન્ડે અડવાણીને ગાંધીનગરમાંથી ચૂંટણી લડવા માટે કહેવામાં આવ્યું હતું. બુધવારે મોડી રાત સુધી કવાયત જારી રહી હતી. પક્ષના નેતા સુષ્મા સ્વરાજ અને નિતિન ગડકરી તેમને મળવા માટે તેમના આવાસ પર પહોંચ્યા હતા. અડવાણી ગાંધીનગરમાંથી ચૂંટણી લડવાના હાઈ કમાન્ડના નિર્ણયથી નાખુશ દેખાઈ રહ્યા છે. બીજી બાજુ ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદી પણ સંઘના વડા મોહન ભાગવતને મળવા માટે પહોંચ્યા હતા. અડવાણી ગાંધીનગરમાંથી ચૂંટણી લડવા માટે બિલકુલ ઈચ્છુક ન હતા છતાં તેમને આ બેઠક પરથી ચૂંટણી મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. પરંતુ રાજનાથ સિંહે પાર્ટીના નિર્ણયથી તેમને વાકેફ કર્યા હતા. આ અગાઉ મોદી અને સુષ્મા સ્વરાજે પણ ફોન પર વાત કર હતી. રાજકીય પંડિતોમાં પણ ભારે ચર્ચા ચાલી રહી છે.

સ્પાઈસ વિમાનમાં હોળી ડાન્સને લઈ વિવાદ થયો

સ્પાઈસ જેટના વિમાનમાં હવામા જ કેબિન ક્રૂ દ્વારા હોળીના ડાન્સને લઈને ભારે વિવાદ થઈ ગયો છે. ડીજીસીએ દ્વારા આની ગંભીર નોંધ લઈને સ્પાઈસ જેટને કારણદર્શક નોટિસ જારી કરી છે. સાથે સાથે તેમના લાયસન્સને કેમ સસ્પેન્ડ કરવામાં ન આવે તે અંગે ખુલાસો કરવા કહેવામાં આવ્યું છે. સ્પાઈસ જેટના બે પાયલોટોને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. લો કોસ્ટ સ્પાઈસ જેટને આના કારણે ભારે કિંમત ચુકવવી પડે તેવી શક્યતા છે. સ્પાઈસ જેટ દ્વારા આગામી દિવસોમાં વધુ ખુલાસાઓ પણ કરવા પડશે. વિમાનમાં હોળીના ડાન્સને લઈને કેબિન ક્રૂના વિડિયોને નિહાળ્યા બાદ ડીજીસીએ દ્વારા કારણ દર્શક નોટિસ ફટકારવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, હાલમાં જ હોળીના પર્વના દિવસે ઉંડાણ ભરનાર સ્પાઈસ જેટના વિમાનમાં કર્મચારીઓ હોળી ડાન્સ કરતા વિડિયો કેમેરામાં કેદ થઈ ગયા હતા. ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન દ્વારા નોટિસ ફટકારવામાં આવી છે અને સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે. સોશિયલ મિડિયા ઉપર આ વિડિયો મુકી દેવામાં આવ્યા બાદ હોબાળો મચી ગયો હતો. ડીજીસીએ દ્વારા સમગ્ર મામલાની ગંભીર નોંધ લેવામાં આવી છે.

મોદી ઈફેક્ટ : ડોલર સામે રૂપિયો ૫૭ સુધી પહોંચશે

મુંબઈ,તા. ૨૦

ડોલરની સામે રૂપિયો આગામી ત્રણ મહિનામાં ૬.૫ ટકા સુધી મજબુત બની શકે છે તેવો મત નિષ્ણાંત લોકો વ્યક્ત કરી રહ્યા છે. કારોબારીઓ અને વેપાર સાથે જોડાયેલા મોટા ભાગના લોકો માની રહ્યા છે કે રૂપિયો ડોલરની સામે ૫૭ સુધી પહોંચી શકે છે. લોકસભાની ચૂંટણી બાદ નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્રમાં સ્થિર સરકાર બનશે તેવી આશા વચ્ચે વિદેશી રોકાણકારો શેર અને બોન્ડમાં જંગી રોકાણ કરી રહ્યા છે.

જેથી ડોલરની સામે રૂપિયો વધારે મજબુત બની શકે છે. એક અગ્રણી અગ્રેજી અખબાર દ્વારા કરવામાં આવેલા પોલમાં આ મુજબની બાબત સપાટી પર આવી છે. થોડાક મહિના પહેલા સુધી ભરતા માર્કેટમાં જુદા જુદા ચલણ વચ્ચે ભારતીય રૂપિયાની હાલત વધારે ખરાબ રહી હતી. પરંતુ હવે સ્થિતી બદલાઈ ગઈ છે. રૂપિયા હવે મજબુત બની રહ્યો છે. નિષ્ણાંતો અને કારોબારીઓને આવરી લઈને કરવામાં આવેલા પોલમાં જાણવા મળ્યું છે કે ડોલરની સરખામણીમાં રૂપિયો ૫૭ના સ્તર સુધી પહોંચી શકે છે. આપની જાણકારી માટે કહી દઈએ કે છેલ્લા ઓગષ્ટ મહિનામાં ડોલરની સામે રૂપિયો ૬૮.૮૪ની ઐતિહાસિક નીચી સપાટી પર પહોંચ્યો હતો. બુધવારના દિવસે રૂપિયો ડોલરની સામે ૬૦.૯૫ની સપાટીએ રહ્યો હતો. ૬૦થી વધારે કારોબારીઓને આવરી લઈને કરવામાં આવેલા અંદાજમાં દાવો કરવામાં આવ્યો છે કે ત્રણ મહિનાના ગાળામાં રૂપિયો ૬૦ના સ્તરે રહેશે. ચૂંટણી પરિણામ અપેક્ષા મુજબના રહેશે તો તેની રેંજ ૫૭થી ૬૦ વચ્ચે રહી શકે છે. આરબીઆઈના ગવર્નર રઘુરામ રાજન દ્વારા કેટલાક પગલા લેવામાં આવ્યા બાદ ડોલરની સામે રૂપિયામાં તેજી આવી હતી. જુદા જુદા ઓપિનિયન પોલમાં મોદી મજબુત દેખાઈ રહ્યા છે જેથી રૂપિયામાં તેજી જોવા મળી હતી છે. નવા પોલમાં દાવો કરવામાં આવ્યો છે કે એનડીએને ૨૨૭ બેઠકો મળી શકે છે. જ્યારે યુપીએને ૧૦૧ સીટ મળી શકે છે. પરિણામને લઈને હાલમાં તમામની નજર કેન્દ્રિત રહેશે. રાજકીય પક્ષો તૈયારીમાં વ્યસ્ત દેખાઈ રહ્યા છે.

કસારા તરફ જતી લોકલ ટ્રેનના ડબ્બા ખડી પડ્યા

થાણે,તા.૨૦

કસારા જતી લોકલ ટ્રેન ખડી પડતા એક યાત્રીનું મોત થયું છે અને અન્ય છ યાત્રીઓને નાની મોટી ઈજા થઈ છે. કસારા જતી લોકલ ટ્રેન મુંબઈથી આવી રહી હતી અને અંબીવલી અને ટીટવાલા રેલવે સ્ટેશન વચ્ચે આ બનાવ બન્યો હતો. કસારા જતી લોકલ ટ્રેન ખડી પડતા તેમાં મૃત્યુ પામેલા યાત્રીની ઓળખ કરી લેવામાં આવી છે. આ યાત્રી ધવલ લોધા તરીકે ઓળખાયો છે જેની વય ૩૮ વર્ષની હોવાનું જાણવા મળ્યું છે. તેના ડબ્બાઓને અલગ કરીને ટ્રેનની સેવા આગળ વધારવામાં આવી હતી. ટ્રેનના કપલિંગમાં તકલીફ ઉભી થતાં તેના ડબ્બા છુટા પડી ગયા હતા. છ ડબ્બા આશરે અડધા કિલોમીટરના અંતરે રહી ગયા હતા. ઘાયલ થયેલા છ યાત્રીઓની ઓળખ પણ કરી લેવામાં આવી છે જેમાં મોહમ્મદ ઈમામ ખાન, પૂજા બોહીર, મોઈન ખાન, કરણચંદ, ચેતુદીન ખાન અને ગાર્ડનો સમાવેશ થાય છે. રેલવે દ્વારા આ મામલાની ઉંડી તપાસ કરવામાં આવી છે. ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ બનાવના કારણે રેલવે યાત્રીઓમાં પણ દહેશત ફેલાઈ ગઈ હતી. સ્થાનિક લોકો મોટી સંખ્યામાં ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.